# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૫ /૨૦૧૮,**

**તા. ૮/૦૧/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અનુસંધાને તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૭/૨૦૧૮ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા હુકમ કરૂ છું.

**હુકમ :-**

(૧) તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૭/૨૦૧૮ સુધી થલતેજ ચાર રસ્તા થી શરુ કરી કોમર્સ છ રસ્તા સુધીનો ડીવાઇડરથી બન્ને તરફ ૪.૨૫ મીટર જેટલો રોડ તમામ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

- **થલતેજ ચાર રસ્તા થી શરુ કરી કોમર્સ છ રસ્તા સુધીનો સમગ્ર રોડ તેમજ સર્વિસ રોડ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.**

**રોડ ઉપરના જંકશન :**

(૧) સાંઇબાબા ચાર રસ્તા (૨) ઇન્દ્રપ્રસ્થ ટાવર ટી (૩) ગુરુકુળ ટી (૪) માનવ મંદીર ટી (૫) હેલ્મેટ ચાર રસ્તા (૬) સૌરભ ચાર રસ્તા (૭) વિજય ચાર રસ્તા (૮) કોમર્સ છ રસ્તાના ડીવાઇડર કટ વાહન વ્યવહાર માટે ખુલ્લા રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

સદરહુ રોડનો બાકી રહેતો ૭-મીટર જેટલો રોડ વાહન વ્યવહાર માટે ઉપયોગ કરી શકાશે.

(૨) તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૭/૨૦૧૮ સુધી સંપન કોમ્પલેક્ષ (સહકાર નિકેતન સોસાયટી ગેટ નં.૨) ની સામેથી નવરંગપુરા ત્રણ રસ્તા સર્કલ (હેવમોર સર્કલ) થઇ હોટલ ફાર્મરોઝ (વિશ્રામ ફ્લેટ) સુધીનો ડીવાઇડરની બન્ને બાજુ ૪ (ચાર) મીટરનો રોડ તમામ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

- સ્ટેડીયમ પાંચ રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તા થઇ ડાબી બાજુ વળી નવરંગપુરા ચાર રસ્તા તરફ જઇ શકાશે.
- સ્ટેડીયમ પાંચ રસ્તાથી અંડરપાસની ઉપરથી જમણી તરફ વળી વિશ્રામ ફ્લેટ તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૭/૨૦૧૮ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૮ /૦૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા. ૮/૦૧/૨૦૧૮
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા